## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




એક ફાયદો થશે... હવે ગમે તે આંદોલન થશે તો પણ,... સરકાર ઇન્ટરનેટ બંધ નહીં કરી શકે...!!

# દહેગામની એક સોસાયટીમાં પાંચ મકાનોના તાળા તુટયા

## સવા બે લાખનો મુદ્દામાલ ચોરાયો હોવાની શંકા : મકાન માલિકો બહારગામથી આવે ત્યારે ચોરીના મુદ્દામાલનો સાચો આંકડો બહાર આવશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આવલી મારૂતિ ફલોરા સોસાયટીમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકીએ તરખાટ મચાવ્યો હતો. એક સાથે તબક્કાવાર પાંચ મકાનોના તાળા તોડી અંદરથી અંદાજે સવા બે લાખની મત્તાની ચોરી કરી ગયા હતા. કેટલાક મકાનના માલિકો હજુ બહારગામ હોવાથી કેટલો મુદ્દામાલ ચોરાયો તેનો સાચો આંકડો તેઓ પરત ફરે ત્યારે બહાર આવશે. દહેગામ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી મહિતી મુજબ મારૂતી ફલોરા સોસાયટીમાં પાંચ બંધ મકાનોના તાળા રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ તોડીને હાથફેરો કર્યો હતો. મકાન નં. અ- ૬૨ ખાતે રહેતા હાઈસ્કુલના કલાર્ક વિનોદકુમાર બાબુભાઈ પટેલ તેમના પરિવાર સાથે વતન તેનપુર ખાતે ગયા હતા. તેમના મકાનના દરવાજાનો નકુચો તોડીને અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ.૮૧,૯૦૦ની મત્તા સાફ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. તે ઉપરાંત મકાન નં. બી-૧૧માં રહેતા નિરવભાઈ પટેલના મકાનમાંથી રૂ. ૮૦હજારની મત્તા, એ-૫૮માં રહેતા મયુરભાઈ પટેલના મકાનમાંથી ૭૧ હજારની મત્તા ચોરી કરી તસ્કરો બીજા મકાનોને ટાર્ગેટ કરવા ગયા હતા. મકાન નં. બી-૩માં રહેતા ત્રિલોકનાથના મકાનમાં ચોરીનો પ્રયાસ કર્યો હતો જયારે એ-૨૭માં રહેતા મનીષભાઈ ગોસ્વામીના મકાનમાં પણ ચોરી કરી ગયા હતા. જો કે મનીષભાઈ રશિયા હોવાથી ત્યાં કેટલો સામાન ચોરાયો તે સ્પષ્ટ થયું નથી. દહેગામ પોલીસે સવા બે લાખની મત્તાની ચોરી અંગે વિનોદકુમારની ફરિયાદને આધારે ગુનો નોંધી ડૉગ સ્કવૉર્ડ અને ફીંગરપ્રીન્ટ નિષ્ણાંત બોલાવી વધુ તપાસ પીએસઆઈ પી.જે. સોલંકીએ શરુ કરી છે.

# ‘કર્મને મુકિતનું સાધન બનાવતા કર્મ યોગ શિખવે છે’

## ગીતા જ્ઞાનયજ્ઞના પ્રથમ દિવસે ગુરૂમાની પ્રાસ્તાવિક ભૂમિકા

ગુજરાત રાજયના રાજયપાલ ઓ.પી. કોહલીના વરદહસ્તે કર્મયોગ વિષય ઉપર પૂજયગુરૂમા સમાનંદ સરસ્વતીજીના શ્રીમુખેથી તા. ૧૭મી ડિસેમ્બર ૨૦૧૬થી એક સપ્તાહ સુધી ચાલનાર ગીતા જ્ઞાનયજ્ઞનું દીપ પ્રાગટય થયું. પ્રથમ દિવસે પૂજય ગુરૂમાએ કર્મયોગ શું છે તેના વિષે સમજ આપી હતી.



કર્મયોગ વિષયે ગીતા જ્ઞાનયજ્ઞના પ્રથમ દિવસે ગુરૂમાએ કહ્યું, ‘મનુષ્યને ભગવાને ત્રિવેણી સંગમરૂપ બનાવેલો છે. જેમાં સૌંદર્ય, સદગુણધારા અને સમજદારીનો સંગમ છે. ગીતાજી મનષ્યની અંદર રહેલા આ ત્રિવેણી સંગમને પ્રગટ કરતા શીખવે છે. જે રીતે પથ્થરમાં મૂર્તિ અને ચંદનમાં સુગંધ છુપાયેલી છે તે જ રીતે મનુષ્યમાં આ ગુણો છૂપાયેલા છે. પથ્થરને મૂર્તિ પ્રાપ્ત કરવા ઘડવો પડે છે, ચંદનને સુગંધ પ્રાપ્ત કરવા ઘસવું પડે છે તે જ રીતે મનુષ્યમાં છૂપાયેલા આ ગુણોને પ્રગટ કરવા માટે ગીતાજીનો કર્મયોગ ઉપદેશ સાધન છે.’

‘દરેક મનુષ્યના જીવનમાં અર્જુન જેવી પરિસ્થિતિ આવતી જ હોય છે. અર્જુને તો ભગવાન પાસે પોતાની પૂર્ણ પરિસ્થિતિ પ્રગટ કરી અને શરણાગતિ સ્વીકારી. અંતે જ્ઞાન પ્રાપ્ત કર્યું એ જ રીતે દરેક જીવને વિષાદ ગ્રસ્ત અર્જુનથી લઈને પરમ પ્રસન્ન એવા કૃષ્ણ બનવાની યાત્રા કરવાની છે. દરેક મનુષ્ય કર્મ કરે જ છે પરંતુ તે યોગ્ય રીતે થતું નથી. કર્મયોગ એટલે ખૂબ કર્મ કરવું તે નથી. પરંતુ કર્મયોગ એટલે કર્મ કરી ઈશ્વરની સાથે જોડાઈ જવું. સામાન્ય રીતે કર્મબંધનરૂપ છે. પરંતુ, કર્મયોગ મને એવી રીતે કર્મ કરતાં શીખવે છે કે કર્મ જ મારી મુકિતનું સાધન બની જાય. જે મને સાચું સુખ અને શાંતિ આપી શકે. મારા અંતરને શુધ્ધ, એકાગ્ર, સૂક્ષ્મ કરી મને ઈશ્વર સાથે જોડી દે.’

# સોલાર પાવર જનરેશનમાં ગુજરાત ત્રીજા ક્રમ પર ગયું

ગાંધીનગર,તા. ૧૮

ગયા વર્ષે રાજસ્થાન સામે પ્રથમ સ્થાન ગુમાવી દીધા બાદ ગુજરાત હવે સોલાર પાવર જનરેશનના મામલામાં ત્રીજા સ્થાને ધકેલાઈ ગયું છે. સૂર્ય ઉર્જા ઉત્પાદનના મામલામાં ગુજરાત હવે ધીમે ધીમે વધુ પાછળ જઈ રહ્યું છે. તમિળનાડુએ રાજસ્થાન અને ગુજરાત બંનેને પાછળ છોડી દઈને મોટી સફળતા હાંસલ કરી દીધી છે. ગુજરાત માટે આ ચોક્કસપણે નિરાશાજનક બાબત છે. તમિળનાડુ દ્વારા ઝડપથી ઉમેરવામાં આવેલી ક્ષમતાના પરિણામ સ્વરુપે રાજય પ્રથમ સ્થાન ઉપર પહોંચ્યું છે. ન્યુ એન્ડ રિનેવેબલ એનર્જીના મંત્રાલય દ્વારા પુરા પાડવામાં આવેલા આંકડા મુજબ તમિળનાડુ ૩૧મી ઓક્ટોબર ૨૦૧૬ના આંકડા મુજબ ૧૫૫૫.૪૧ મેગાવોટની સોલાર પાવર ક્ષમતા સાથે પ્રથમ સ્થાને પહોંચી ગયું છે જ્યારે રાજસ્થાન ૧૩૦૧.૧૬ મેગવોટની ક્ષમતા સાથે બીજા સ્થાને છે જ્યારે ગુજરાત ૧૧૩૮.૧૯ મેગાવોટની ક્ષમતા સાથે ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં ક્ષમતા ઉમેરવાની ગતિ ધીમી નોંધાઈ છે. ગ્લોબલ સોલાર કાઉન્સિલના સહઅધ્યક્ષ પ્રણવ મહેતાનું કહેવું છે કે, ગુજરાતમાં સ્થિતિ સુધારવામાં હજુ સમય લાગી શકે છે. બીજી બાજુ તમિળનાડુએ આક્રમકરીતે સોલાર કેપેસિટી અથવા સૌર ઉર્જાને ક્ષમતાને વધારવાના પ્રયાસો હાથ ધર્યા છે. ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે સોલાર કેપેસિટી સ્થાપિત કરી છે. તેના આરપીઓ ટાર્ગેટને પહોંચી વળવામાં તમિળનાડુ સફળ રહ્યું છે. આરપીઓ રાજ્યોને સોલાર પ્લાન્ટમાંથી ચોક્કસ પ્રમાણમાં વિજળી ખરીદવા માટે રાજ્યોને કહે છે. ગુજરાત માટે આરપીઓનો આંકડો રાજ્યમાં કુલ વિજળી માંગ પૈકી ૧.૭૫ ટકા છે જ્યારે તમિળનાડુ ચોથાસ્થાનથી પ્રથમ સ્થાને પહોંચી ગયું છે. જાન્યુઆરી ૨૦૧૬માં તમિળનાડુ ચોથા ક્રમાંક ઉપર હતું તે વખતે તેની ક્ષમતા ૪૧૮.૯૪ મેગાવોટની હતી.

# સે-૭/ડી ગાર્ડનમાં વાઈ-ફાઈ ટાવરની કામગીરીને પગલે વસાહતીઓમાં વિરોધ

## ટાવરનું કામ બંધ કરવામાં નહીં આવે તો વસાહતીઓની ઉગ્ર આંદોલનની ચિમકી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરને વાઈ-ફાઈ સીટી બનાવવા માટે તંત્ર દ્વારા શહેરમાં જયાં જગ્યા ખાલી દેખાય ત્યાં ટાવર ઉભા કરવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ ટાવર તૈયાર કરવા માટે સ્થાનિક નાગરીકોની સંમતિ લેવામાં આવતી નથી.જેને પગલે જયાં વાઈફાઈ સીટી બનાવવા માટે ટાવર ઉભા કરવાની કામગીરી ચાલી રહી છે તેમાં સેકટર-૨ અને ૨૯ માં મનપાના નેતાના વિરોધને કારણે ટાવરની કામગીરી બંધ કરવામાં આવી છે. ત્યારે ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭ડી દ્વારા અન્ય ટાવરની જેમ સે-૭ ડીના ટાવરનું પણ કામકાજ બંધ થાય તે માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરી છે.

શહેરના સેકટર-૭ ડી બગીચામાં કોઈપણ સ્થાનિક નેતા કે કોર્પોરેટરની સહમતિ વિના કે જાણકારી વગર વાઈ-ફાઈ ટાવરનું કામકાજ શરુ કરવામાં આવ્યું છે. ટાવરનું કામકાજ રાત્રીના અંધકારમાં કરવામાં આવે છે.સ્થાનિક જાગૃત નાગરીકોને જાણ થતા તાત્કાલીક અસરથી કામ અટકાવામાં આવ્યું છે. જેને અનુલક્ષી આજરોજ સે-૭ ડી ના નાગરીકોની સાધારણ સભા બગીચામાં રાખવામાં આવી હતી. જેમાં વાઈ-ફાઈ ટાવરનું બાંધકામ સે-૭ ના ગાર્ડનમાંથી તાત્કાલીક અસરથી અટકાવી તમામ સામાન ખસેડી દેવામાં આવે તે માટે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવશે.આ નાગરીકોના વિરોધમાં સ્થાનિક કોર્પોરેટર કાર્તિકભાઈ પટેલ અને પાર્વતિબેન પરમારનો પણ સાથ સહકાર રહેશે. આ સભામાં પ્રમુખ જે. જી. ભટ્ટ, કા.કા.પ્રમુખ કે. એસ. પંડયા, પૂર્વ કમિશનર રમેશભાઈ જોષી, કાન્તિભાઈ પટેલ, ડો. ચંદુભાઈ, ડો.પંડયા, ટી. કે. નિમાવત,એલ.જે.વોરા, મેવાડાભાઈ, ઈશ્વરભાઈ પટેલ, પ્રકાશભાઈ ભાવસાર, બી. એસ. કરીયા, નટુભાઈ સોલંકી, સોજીત્રાભાઈ મીસ્ત્રીજી, જીતેન્દ્રભાઈ દવે, સહિત મોટીસંખ્યામાં બહેનો હાજર રહી હતી.

# આજથી આઈઆઈટી ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના બે દિવસીય સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સે. ૧૫ ખાતેની આઈઆઈટીઈ દ્વારા આંતરરાષ્ટ્રીય કક્ષાના બે દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. “બિયોન્ડ ધ ક્લાસરૂમ : ટુવાર્ડઝ એક્સેલન્સ ઈનોવેટીવ પ્રેક્ટીશ ઈન ટીચર્સ એજ્યુકેશન’’ વિષયે યોજાનાર આ સેમિનારનો પ્રારંભ તા. ૧૯મી ડિસેમ્બરે સવારે ૧૦ કલાકે આઈઆઈટીઈ ખાતે થશે જેમાં ફિનલેન્ડની હેલસિન્કી યુનિવર્સિટીના પ્રાધ્યાપક તથા ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના હેડ પ્રો. જરી લેવોનેનના હસ્તે ઉદ્ઘાટન કરાશે. આ ઉપરાંત આ યુનિવર્સિટીના પ્રો. અર્ટો તથા ભારતની ઈગ્નોઉના પૂર્વ વાઈસ ચાન્સેલર પ્રો. એ.કે. સીંઘ સાથે અતિથિવિશેષપદે આઈઆઈટીઈના કુલપતિ ડૉ. શશિરંજન યાદવ ઉપસ્થિત રહેશે.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન દ્વારા આયોજિત આ સેમિનારમાં વિવિધ તજજ્ઞોના વક્તવ્યો ઉપરાંત ચર્ચા સભા અને સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે. આ સાથે ફિનલેન્ડથી આવેલ પ્રતિનિધિમંડળ કલાસરૂમથી માંડીને ગાંધીનગરના દાંડીકુટિર તથા અક્ષરધામ મંદિરની પણ મુલાકાત લેશે.

# ૬ કરોડની ઈમારતના રિનોવેશન પાછળ સરકાર ૧ ૨ ૧ કરોડ ખર્ચશે




વધતી જતી વસતી અને મોંઘવારીનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતની વિધાસભા બની છે. આ ઈમારત ૨૮ વર્ષ પહેલાં માત્ર છ કરોડ રૂપિયાના ખર્ચે બની હતી જેને ૧૯૮૫માં શ્રેષ્ઠ ઈમારતનો એવોર્ડ એનાયત થયો હતો. આ બિલ્ડીંગમાં ધારાસભ્યોએ ૮ જુલાઈ ૧૯૮૨માં પગ મૂક્યો હતો. જેની શિલા ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ નિલમ સંજીવ રેડ્ડીએ ૨૦ માર્ચ ૧૯૭૮માં મૂકી હતી. ઈમારતનું બાંધકામ આપણાં ગુજરાતના આર્કિટેક્ચર દ્વારા ડિઝાઈન થયું હતું જે સમગ્ર દેશમાં બેનમૂન છે. રાજ્ય સરકારે ૧૨૧ કરોડના ખર્ચે વિધાનસભાના બિલ્ડિંગનું રિનોવેશન નક્કી કર્યું છે. એટલે કે વિધાનસભાનું હાલના બિલ્ડીંગનું રિનોવેશન ૨૦ ગણું મોંઘી કિંમતે થઈ રહ્યું છે. નરેન્દ્ર મોદી જ્યારે મુખ્યપ્રધાન હતા ત્યારે તેમણે સ્વર્ણિમ સંકુલ બનાવવા પાછળ ૨૧૭ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. હવે ગુજરાતની વિજય રૂપાણીની ભાજપ સરકાર વિધાનસભાના ઐતિહાસિક બિલ્ડીંગનો લૂક બદલવા જઈ રહી છે ત્યારે હાલના બિલ્ડીંગની ખૂબીઓને જો જાળવી રાખે તો સારૂં છે નહીં તો ગુજરાત તેના સચિવાલયની જેમ આ ઈમારતની આર્કિટેક્ટરલ ઓળખ ગૂમાવી દેશે.

**વસતી વધી પણ બેઠકો જૈસે થે : ૨૦૨૫ પછી ૨૩૦ MLA અને 33 MP હશે**

**વસતી વધી પણ ધારાસભ્યો યથાવત રહ્યાં...**

ગુજરાતની વસતીમાં વધારો થયો છે અને આપણે સવા છ કરોડ થઈ ગયા છીએ છતાં વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા ૧૮૨ છે. આટલી વસતીમાં ધારાસભ્યોની સંખ્યા ૨૩૦ અને લોકસભાના સંસદસભ્યોની સંખ્યા ૩૩ જેટલી થવી જોઈએ કારણ કે આપણા જિલ્લા અને તાલુકાની સંખ્યામાં વધારો થયો છે. જો કે બંધારણ પ્રમાણે દેશના કોઈપણ રાજ્યમાં ૨૦૨૫ સુધીમાં વિધાનસભાની બેઠકો વધારી શકાય તેમ નથી. ૧૯૬૦માં જ્યારે ગુજરાતની પ્રથમ વિધાનસભાની ચૂંટણી યોજાઈ ત્યારે બેઠકોની સંખ્યા ૧૩૨ હતી, જેમાં ૧૯૬૨માં સુધારો કરવામાં આવ્યો અને બેઠકો વધીને ૧૫૪ કરવામાં આવી હતી. છેલ્લે ૧૯૭૫માં વિધાનસભાની બેઠકોની સંખ્યા ૧૮૨ નિશ્ચિત કરવામાં આવી હતી. હાલ છેલ્લા ૪૧ વર્ષથી આ સંખ્યા યથાવત રહી છે. હવે ૨૦૨૫ પછી ગુજરાતમાં ધાસાસભ્યોની સંખ્યા ૨૩૦ અને લોકસભાના સભ્યોની સંખ્યા ૩૩ થાય તો નવાઈ નહીં...

**બે પાત્રો, કોણ શું કરશે તે નિશ્ચિત નથી...**

ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં આ વખતે મુખ્ય ફાઈટ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે છે પરંતુ આમ આદમી પાર્ટીએ એન્ટ્રી કરી છે ત્યારે કેટલીક બેઠકો પર ત્રિપાંખિયો જંગ ખેલાય તો નવાઈ નહીં. ગુજરાતમાં બે પાત્રો એવાં છે કે જેમની પાસે મેનપાવર છે પરંતુ કોણ ક્યાં ટેકો આપે છે તે નિશ્ચિત નથી. આ બે પાત્રોમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વિનર અને ફાઉન્ડર હાર્દિક પટેલ છે અને બીજા નિવૃત્ત આઈપીએએસ ઓફિસર અને એનકાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ ડી.જી. વણઝારા. આ બન્ને પાત્રો હવે રાજકારણમાં ઝંપલાવવા તૈયાર થયા છે. હજી તો શરૂઆત છે પરંતુ ૨૦૧૭ના મધ્યમાં આ બન્ને સુપર પાવર ક્યાં જાય છે તેની ઉપર ભાજપની બાજ નજર છે. ગુજરાતમાં ત્રીજો મોરચો ક્યારેય સફળ રહ્યો નથી પણ કેટલીક વખત સરકારના ફાઉન્ડેશનમાં કી-રોલ ભજવ્યો છે. હાર્દિક અને વણઝારા એક તો ન થાય, પરંતુ કોઈ પાર્ટીને ટેકો આપી તેનું કામ કરે તે સંભવ છે.

**પતંગોત્સવમાં જીવદયા વધતી જાય છે...**

૧૪મી જાન્યુઆરીએ આવી રહેલી ઉત્તરાયણ પર્વની ઉજવણીમાં લોકોમાં વાયબ્રન્સી આવી રહી છે ત્યારે સંખ્યાબંધ પરિવારો એવાં છે કે જેમણે તેમના જીવથી વહાલા આ શોખને ત્યજી દીધો છે. આ શોખ ત્યજવાનું મુખ્ય કારણ પક્ષીઓ અને માનવજીવ સામે ઉભો થતો ખતરો છે. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનો પણ આ વખતે આદેશ છે કે કાચથી રંગેલા દોરા વાપરી શકાશે નહીં. બીજી તરફ અદાલતો તેમજ સરકાર આગ્રહ કરે છે કે પક્ષીઓના ઉડવાના સમયે એટલે કે સવારે ૬ થી ૮ અને સાંજે ૫ થી ૭ પતંગ ચગાવવા નહીં. કેટલાક પ્રતિબંધિત આદેશના કારણે પતંગરસિયાઓને આ વખતે ઉત્તારાયણ ફિક્કી લાગશે. એક તરફ નોટબંધી છે, બજારમાં દોરી અને પતંગના ભાવ આસમાને છે ત્યારે ૨૦૧૭ની ઉત્તરાયણ જીવદયા પ્રેમીઓ માટે આશાનું કિરણ બની શકે છે. એક અંદાજ પ્રમાણે એકલા અમદાવાદમાં ૫૦૦૦ કરતાં વધુ પરિવારોએ પતંગ ચગાવવાનું બંધ કરી દીધું છે.

**જો તેમ થયું તો સોનિયા અને રાહુલનું સ્વપ્ન ચૂંટણી પહેલાં તૂટી શકે છે...**

**નોકરી ગૂમાવવાના ડરથી ડિપ્રેશનના કેસો...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ની નોટને ચલણમાંથી પાછી ખેંચી લેતાં વ્યાપારી વર્ગને મોટો ફટકો પડ્યો છે. તમામ નાના-મોટા બિઝનેસમાં ૨૦થી ૪૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. રિયલ્ટી સેક્ટરને ન પૂરાય તેવી ખોટનો સામનો કરવો પડી રહ્યો છે. એક અંદાજ પ્રમાણે રાજ્યના આઠ મોટા શહેરોમાં મજૂર વર્ગ સાથે પાંચ લાખ કરતાં વધુ યુવાનો બેકાર બની ગયા છે. લોકોને આજે કરન્સીના ફાંફાં છે. ઓનલાઈન ટ્રાન્ઝેક્શનમાં ઈન્ટરનેટની સુવિધા ફાસ્ટ અને અનકરપ્ટ હોવી જોઈએ પરંતુ તે હાલ પ્રોવાઈડ થતી નથી તેથી ટેકનિકલ ઈસ્યુ આવી રહ્યાં છે. હાલ જે લોકો પાસે રોજગારી છે તેઓ સતત ભયના ઓથાર નીચે જીવે છે. નોકરી ગુમાવવાનો તેમને સતત ડર રહ્યાં કરે છે તેથી ડિપ્રેશનની બિમારીઓ વધી રહી છે. તબીબી જગતનો સર્વે છે કે ૧૦માંથી પ્રત્યેક ૩ જો નોકરીયાત યુવાન ડિપ્રેશનમાં કામ કરી રહ્યો છે. તેમને કોસ્ટ કટીંગનો સૌથી મોટો ડર છે.




**પ્રામાણિક MLA હાલ કરોડપતિની યાદીમાં...**

ઝીરો કરપ્શનની કલ્પના કરવી કઠીન નહીં અશક્ય છે, કારણ કે ભારત જેવા વિશાળ દેશમાં કરપ્શનને રોકવાના હાલના તમામ ઉપાયો અર્થહિન છે તે સમય અને સંપત્તિનો બગાડ છે. લોકોની નસેનસમાં કરપ્શન છે. સરકારી નોકરી હોય કે ખાનગી નોકરી- બધે આ સડો લાગૂ પડેલો છે. ઈતિહાસ તપાસીએ તો પણ ખબર પડે છે કે રાજા-મહારાજાના સમયમાં તેમજ અંગ્રેજોના સમયમાં કરપ્શનની માત્રા ધૂમ મચાવી રહી હતી, જે પરંપરા ચાલુ છે અને તે આપણને વિરાસતમાં મળેલી છે. એક પ્રામાણિક યુવાન કે જેને પાર્ટીએ એમએલએની ટીકીટ આપી. તેણે સરકારમાં પ્રધાન બનવાનો ઈન્કાર કર્યો પરંતુ એમએલએ બન્યા પછી તેની મહેનતની મૂડી તેના વિસ્તારના લોકોની સરભરામાં ખર્ચાઈ ગઈ પછી તેને ભાન થયું કે નેતા બનવામાં માલ નથી. આ તો ઘરના રૂપિયા ખર્ચીને કંગાળ બની જઈશું તેથી તેણે ધીમે ધીમે રૂપિયા બનાવવાની તરકીબ શીખી લીધી અને તે આજે એક વિસ્તારમાં સૌથી વધુ અને મોંઘી જમીનનો કરોડપતિ બની ગયો છે.

**સચિવાલયની ગપસપ : ‘શંકર’ નામધારી નેતા ગુજરાતના નવા સીએમ**

**કોંગ્રેસે કેડર બદલે તો પરિણામ સુધરી શકે...**

કોંગ્રેસ પાર્ટી તેની કેડર બદલે તો પરિણામ સુધરી શકે છે. હાલ ગુજરાતમાં જ્યારે જ્યારે પણ ચૂંટણી આવે છે ત્યારે અતિ સિનિયર અને ખડુસ કહી શકાય તેવા નેતાઓ ચૂંટણીના મેદાનમાં કૂદી પડે છે પરંતુ જો કોંગ્રેસ તેની આ કેડરની જગ્યાએ નવયુવાન નેતાઓને પ્રાધાન્ય આપે તો વિધાનસભાની ચૂંટણીમાં તેના વિજયને કોઈ અટકાવી શકે તેમ નથી. આ કામગીરી માટે કોંગ્રેસના નેતાઓએ મોદીની ચાણક્ય બુદ્ધિને અપનાવવી પડે જે કોંગ્રેસના નેતાઓને ગમશે નહીં. વિધાનસભામાં ઉત્તમ પ્રદર્શન કરવું હોય તો કોંગ્રેસે ૩૦ થી ૫૦ વર્ષ સુધીના યુવા ચહેરાઓને વધારે માત્રામાં તક આપવી જોઈએ. એટલું જ નહીં, ૫૦ ટકા બેઠકો પર યુવા મહિલા ઉમેદવારોને ટીકીટ આપીને તેમને પ્રોત્સાહિત કરવી જોઈએ. નવી દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ કેમ સફળ રહ્યાં તેની પાછળનું ગણિત સ્પષ્ટ છે. તેમણે લોકપ્રિય અને મહેતની વ્યક્તિઓને એકત્ર કરી તેમને ચૂંટણી લડવાનું આમંત્રણ આપ્યું છે. કોંગ્રેસ પણ તેની સેકન્ડ અને થર્ડ કેડરને મેદાને જંગમાં ઉતારવી.

**ગુજરાતના નવા મુખ્યપ્રધાન કોણ- ચર્ચાનો મુદ્દો...**

સચિવાલયમાં હાલ ચર્ચાતો મહત્વનો પ્રશ્ન નવા ચીફ મિનિસ્ટરનો છે. વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણી પછી કોણ બેસ્ટ સીએમ હોઈ શકે તેવો પ્રશ્ન જૂના સચિવાલયમાં આવેલા મીનાબજારની કિટલી પર વહેતો થયો છે. ચર્ચાના સૂરમાં કેટલાક નામો સામે આવ્યા છે. જો ભાજપ સત્તામાં આવે તો- સીએમ તરીકે સૌથી વધારે પ્રાધાન્ય અમિત શાહને આપવામાં આવે છે. બીજા ક્રમે શંકર ચૌધરીને મૂકાય છે. ત્રીજા સ્થાને ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીનો ક્રમ આવે છે. ચોથાસ્થાને સંજય જોષીને કર્મચારીઓ સ્વિકારી રહ્યાં છે અને પાંચમાક્રમે હાલના ચીફ મિનિસ્ટર વિજય રૂપાણી છે. બીજી તરફ કોંગ્રેસમાં હોટ ફેવરીટ શંકરસિંહ વાઘેલા છે. બીજાક્રમે શક્તિસિંહ ગોહિલ છે. ત્રીજા અને ચોથાક્રમે તુષાર ચૌધરી અને અર્જુન મોઢવાડિયા છે અને છેલ્લે પાંચમોક્રમ સિદ્ધાર્થ પટેલનો આવે છે.

**તપાસ કરો, કોંગ્રેસમાં મજબૂત કોણ છે...**

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ચિંતન બેઠકમાં પાર્ટીના પ્રદેશ નેતાઓને કહ્યું છે કે તપાસ તો કરો- કોંગ્રેસમાં મજબૂત નેતાઓ કે જેઓ વિધાનસભાની ચૂંટણી જીતી શકે છે તેવા કોણ કોણ છે. આ નામોની યાદી બનાવો અને તેમને ફિલર્સ મોકલો, પછી જૂઓ આપણો વિજય કોઈ રોકી શકશે નહીં. ગુજરાતમાં રાજકીય ધ્રુવિકરણનો પ્રારંભ થયો છે. ભાજપે જે કામ ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૧૨માં કર્યું હતું તે કામ ૨૦૧૭માં પણ ચાલુ રાખવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસના જીતી શકે તેવા નેતાઓને ભાજપમાં લેવાનું અભિયાન કમૂરતાં ઉતરતાં ૧૫મી જાન્યુઆરી પછી શરૂ થવાના ભણકારા વાગી રહ્યાં છે. પાર્ટીના સૂત્રો કહે છે કે કોંગ્રેસના હાલના ૫૩ સભ્યો પૈકી ૧૫ને ભાજપને લઈ જવાની પેરવી ચાલી રહી છે. જો તેમ થયું તો સોનિયા અને રાહુલ ગાંધીનું ગુજરાત હડપ કરવાનું સ્વપ્ન ચૂંટણી પહેલાં તૂટી શકે છે.

**પટેલ ચીફ મિનિસ્ટર ભાજપને ફળતા નથી...**

પાટીદારમાંથી આવેલા નેતા જ્યારે ચીફ મિનિસ્ટર બને છે ત્યારે તે ભાજપને ફળતા નથી તેના બે ઉદાહરણ મોજૂદ છે. પાર્ટીના જ એક સિનિયર નેતાએ કહે છે કે- ‘કારણ ગમે તે હોય, પાર્ટી ઉચ્ચ સિંહાસને બેસાડે છે પછી તેમને નીચે પણ પાર્ટી જ ઉતારે છે.’ ભાજપના હાઈકમાન્ડે જે રીતે કેશુભાઈ પટેલને ૧૯૯૫ અને ૨૦૦૧માં હટાવ્યા હતા તેમ ૨૦૧૬માં આનંદીબહેન પટેલને હટાવ્યા છે. આ નેતા એવું માને છે કે ‘પટેલ ચીફ મિનિસ્ટર ભાજપ માટે ખતરો બન્યા હોય તેવું લાગે છે. બે પટેલોને સત્તા પરથી ઉતાર્યા પછી હવે પાર્ટી ચીફ મિનિસ્ટરના કેન્ડિડેટ તરીકે પટેલ કેન્ડિડેટને પસંદ ન પણ કરે, તો નવાઈ પામવા જેવું નથી. એટલે ૨૦૧૭માં પટેલ ઉમેદવારને ચીફ મિનિસ્ટરપદ મળશે તે વાતમાં કોઈ માલ નથી.’